અપીલ અરજી નં.૬૪૭/૬૫૦ તા.૨૩/૨૪–૨–૧૨
ફોન નં.૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ– શ્રી કે. એ. ઘીવાલા
સામાવાળા :– ઝોનલચીફ અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી–સેન્ટ્રલઝોન

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી કે.એ.ઘીવાલાની તા. ૧૯–૦૧–૧૨ની અરજીથી વોર્ડ નં. ૧૨/૧૩૫૨ પૈકી આવેલ ટેનામેન્ટો પૈકીમાં ભાડુઆત દ્વારા આપના ખાતાને તા. ૨૭–૩–૦૮ના રીપેરીંગ કરવાનું છે તેમ જણાવી કરેલ અરજી (રીપેરીંગની પરવાનગી માંગતી કરેલ અરજી) વિષેની નીચે મુજબની માહિતી આરટીઆઈ હેઠળ ઉપલબ્ધ કરાવવા નમ્ર વિનંતી. મુદ્દા નં. (૧) તા. ૨૭–૩–૦૮ના ૧૨/૧૩૫૨ માં આવેલા ટેનામેન્ટો પૈકીના ભાડુઆત દ્વારા આપના ખાતાને રીપેરીંગ કરવાનું છે તેમ જણાવી અરજી કરેલ છે તે અરજી કરનાર ભાડુઆતનું નામ જણાવશો વિ. મુદ્દા નં.(૧)થી (૩)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૨૩/૨૪–૨–૧૨ ની **SMC/FAP/** નં.૬૪૭,૬૫૦ / ૨૦૧૧–૧૨

શ્રી કે. એ. ઘીવાલાની તા. ૧૯–૦૧–૧૨ ની અરજીથી વોર્ડ નં. ૧૨/૧૩૫૨ પૈકી આવેલ ટેનામેન્ટો પૈકીમાં ભાડુઆત દ્વારા આપના ખાતાને તા. ૨૭–૩–૦૮ના રીપેરીંગ કરવાનું છે તેમ જણાવી કરેલ અરજી (રીપેરીંગની પરવાનગી માંગતી કરેલ અરજી) વિષેની નીચે મુજબની માહિતી આરટીઆઈ હેઠળ ઉપલબ્ધ કરાવવા નમ્ર વિનંતી. મુદ્દા નં. (૧) તા. ૨૭–૩–૦૮ના ૧૨/૧૩૫૨ માં આવેલા ટેનામેન્ટો પૈકીના ભાડુઆત દ્વારા આપના ખાતાને રીપેરીંગ કરવાનું છે તેમ જણાવી અરજી કરેલ છે તે અરજી કરનાર ભાડુઆતનું નામ જણાવશો વિ. મુદ્દા નં. (૧ ) થી (૩)ની માહિતી આપવા બાબતે ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી(સેન્ટ્રલઝોન)તરફથી સમય અવધિમાં માહિતી નહીં મળ્યાનું જણાવી નારાજ થઈ તથા પુનઃ જાહેર માહિતી અધિકારી દ્વારા મળેલ માહિતી ખોટી હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૨૩/૨૪–૨–૧૨ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા / ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતીની દફતરી વિગતો સ્પષ્ટ કરવા વિશેષતઃ અપીલમાંના તકરારી મુદ્દા અંગે મુદ્દાવાર સ્પષ્ટતા કરવા તથા આ જ મુદ્દા અંગે અરજદારને અગાઉ કોઈ દફતરી તપાસણી આપેલ હોય તો અપીલ સંદર્ભ સહ વિગતો સ્પષ્ટ કરવા** પત્ર નં. આરટીઆઈ સેલ/૧૯૨૪ તા. ૫–૩–૧૨થી જાહેર માહિતી અધિકારી તથા અજરદારને ખોટી માહિતીના દાવા અંગે આધાર પુરાવા સહ તેમનો પક્ષ રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં. સે.ઝોન/આરટીઆઈ/આઉટ નં./૨૬૬૬ તા. ૧૭–૩–૧૨થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારની મૂળ અરજીની નકલ, જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં. સે.ઝોન/આરટીઆઈ/આઉટ નં./૨૪૨૪ તા. ૨૧–૨–૧૨થી નિયત સમય અવધિ બાદ અરજદારને આપેલ માહિતીના પત્રની નકલ અત્રે મળેલ છે જયારે અરજદાર તરફથી તા. ૧૬–૩–૧૨ના પૂરક પત્રથી તા. ૨૭–૩–૦૮ ના રીપેરીંગ માટેની સૈયદ સબીયાની કરેલ અરજીની નકલ, તા. ૨૧–૩–૦૮ના સ્ટ્રકચર સ્ટેબીલીટી ફોટાની નકલ, નોંધ વિભાગના તા. ૨૪–૨–૧૦ના રીપોર્ટની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા. ૧૯–૦૧–૧૨ ની અરજીથી વોર્ડ નં. ૧૨/૧૩૫૨ પૈકી આવેલ ટેનામેન્ટો પૈકીમાં ભાડુઆત દ્વારા આપના ખાતાને તા. ૨૭–૩–૦૮ના રીપેરીંગ કરવાનું છે તેમ જણાવી કરેલ અરજી (રીપેરીંગની પરવાનગી માંગતી કરેલ અરજી) વિષેની નીચે મુજબની માહિતી આરટીઆઈ હેઠળ ઉપલબ્ધ કરાવવા નમ્ર વિનંતી. જે અંગે અરજદારે મળેલ માહિતીનો જવાબ ખોટો અને અસંતોષકાર હોવાનું જણાવી નારાજ થઈ તા. ૨૩/૨૪–૨–૧૨ ના રોજ સેન્ટ્રલઝોન ખાતે અપીલ અરજી કરવામાં આવેલ. જેમાં મુદ્દા નં. (૧) તા. ૨૭–૩–૦૮ના ૧૨/૧૩૫૨ માં આવેલા ટેનામેન્ટો પૈકીના

ભાડુઆત દ્વારા આપના ખાતાને રીપેરીંગ કરવાનું છે તેમ જણાવી અરજી કરેલ છે તે અરજી કરનાર ભાડુઆતનું નામ જણાવશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં. સે.ઝોન/આરટીઆઈ/આઉટ નં./૨ ૪૨૪ તા. ૨૧–૨–૧૨થી નિયત સમય અવધિ બાદ " તા. ૨૭–૩–૦૮ના ૧૨/૧૩૫૨માં આવેલા ટેનામેન્ટ પૈકીના ભાડુઆત શ્રી સૈયદ સબીયા અબ્બાસ, સૈયદ આગા મો.હસન દ્વારા રીપેરીંગની જાણ કરતી અરજી કરવામાં આવેલ છે." તેવું જણાવેલ.
(૨) તા. ૨૭–૩–૦૮ના જે નામથી આપના ખાતાને રીપેરીંગ કરવાનું છે તેમ જણાવી અરજી કરેલ છે. તેમના નામનું કયા નંબરનું ટેનામેન્ટ ૧૨/૧૩૫૨ વાળી મિલકતમાં તે અરજી કરનાર ભાડુઆતના નામથી આવેલ છે તેનો ટેનામેન્ટ નંબર જણાવશો.તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી " તા. ૨૭–૩–૦૮ની અરજીમાં ભાડુઆત દ્વારા રજૂ કરવામાં આવેલ સ્ટેબીલીટી સર્ટીફીકેટમાં દર્શાવ્યા મુજબ ટેના.નં. ૧૨એ–૧૫–૦૯૮૧–૦–૦૦૧ છે. " તેવું જણાવેલ. (૩) ૧૨/૧૩૫૨ વાળી મિલકત પૈકીમાં આવેલા બધા જ ટેનામેન્ટોમાં અરજી કરનારે તા. ૨૭–૩–૦૮ના રોજ જે નામથી અરજી કરેલ છે તેમના તે જ નામથી કેટલા ટેનામેન્ટો આવેલા છે ? તે આવેલા તેમના નામના ટેનામેન્ટોના નંબર જણાવશો(એટલે કે અરજી કરનાર ભાડુઆતના નામનો ટેનામેન્ટોના નંબરો) તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી " તા. ૨૭–૩–૦૮ના રોજ ૧૨/૧૩૫૨માં આવેલા ભાડુઆત શ્રી સૈયદ અબ્બાસ, સૈયદ આગા મો. હસને રીપેરીંગ માટે અરજી કરેલ હોય તેમાંથી સૈયદ સાબીયા અબ્બાસ જેનો ટેના.નં. ૧ ૨એ–૧૫–૦૯૩૧–૦–૦૩૧ સેન્ટ્રલઝોનના દફતરે દાખલ છે. સૈયદ સબીયા અબ્બાસના નામે ઉપરોકત ફકત એક જ ટેના. નં. સેન્ટ્રલઝોનના દફતરે દાખલ છે. સૈયદ આગા મો. હસનનું નામ મ્યુ.દફતરે ભાડુઆત તરીકે દાખલ નથી. રૂા. ૨/– ભરી પાર્ટી સ્ટેટસ મેળવી શકશો." તેવું જણાવેલ.

જે અંગે અરજદારને ખોટી માહિતીના દાવા અંગે આધાર પુરાવા સહ તેમનો પક્ષ રજૂ કરવા અત્રેથી પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને અરજદારે તા. ૧૬–૩–૧૨ના પૂરક પત્રમાં જણાવેલ કે (૧) અમોએ કરેલ તા. ૨૪–૨–૧૨ની અપીલમાં ખોટી માહિતી આપેલ છે તે બાબતે પુરાવા મોકલેલ છે જેમાં સ્ટ્રકચર સ્ટેબીલીટી રીપોર્ટમાં દાર્શવેલ રીપેરીંગ થનારો ટેના.નં. ૧૨એ–૧૫–૦૯૮૧–૦–૦૦૧ છે તે ૧૨/૧૩૫૨ વાળી મિલકત પૈકીમાં આવેલ જ નથી. જે ૧૨/૧૩૫૨નો રેકર્ડ ચેક કરાવી લેવા વિનંતી. આપેલ તમામ ૧૨/૧૩૫૨ વાળી મિલકતના ટેના.માં કોઈ ૧૨એ–૧૫–૦૯૮૧–૦–૦૦૧ છે જ નહિ. (૨) માહિતી અધિકારીશ્રીએ અમારી આરટીઆઈની અરજી તા. ૧૯–૧–૧૨ના જવાબ પત્ર નં. ૨૪૨૪ તા. ૨૧–૨–૧૨માં જણાવેલ છે કે ૨૭–૩–૦૮ના રોજ ૧૨/૧૩૫૨ માં આવેલ ભાડુઆતશ્રી સૈયદ અબ્બાસ સૈયદ આગા મો.હસને રીપેરીંગ માટે અરજી કરેલ છે જયારે ખરેખર તો ૨૭–૩–૦૮ના અરજી કરનાર સૈયદ સબીયા જે લેડીઝ છે તેમનો ભાડુઆત તરીકે ટેના. નં. ૧૨એ–૧૫–૦૯૮૧ –૦૩૧ છે અને આવેલ ૨૭–૩–૦૮ની અરજીના સ્થળ તપાસ રીપોર્ટ તા. ૨૪–૨–૧૦ માં તો સર્વેયર સાહેબશ્રીએ અમોને મોકલેલ રીપોર્ટમાં જણાવેલ છે કે સદર જગ્યાએ કાચુ બાંધકામને રીપેરીંગ કરવામાં આવેલ છે. રીપેરીંગ થનાર ટેના.નં. ૧૨એ–૧૫–૦૯૮૧–૦–૦૦૧ છે અને અરજી કરનાર સૈયદ સબીયા બહેનનો ભાડુઆત તરીકે ૧૨/૧૩૫૨ માંતો ૧૨એ–૧૫–૦૯૮૧–૦૩૧ છે તો સત્ય શું છે ? તેવું જણાવેલ છે.

અગાઉ સરખી બાબતે અરજદારની તા. ૦૩–૦૮–૧૧ની અરજી અપીલ નં. ૨૫૪/૨૫૮ માં દફતરી ઈન્સ્પેકશન પુરું પાડવા તા. ૧૪–૧૦–૧૧ના રોજ હુકમ કરવામાં આવેલ છે. આથી વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહે નહીં.

અરજદારની પ્રથમ અપીલ નં.૬૪૭ તા.૨૩–૨–૧૨ અને અપીલ નં. ૬૫૦ તા. ૨૪–૨–૧૨ ધ્યાને લ ેતાં અનુક્રમે ૨૩–૩–૧૨/ ૨૪–૩–૧૨ સુધીમાં અને વિલંબીત કારણ સહિત ૭–૪–૧૨/૮–૪–૧૨ સુધીમાં કાયદાની કલમ–૧૯(૬) હેઠળ પ્રથમ અપીલનો નિકાલ કરવાનો રહે. પરંતુ અપીલ હેઠળના અરજદારની પ્રથમ અપીલ બાદ અત્રેની કક્ષાએ જાન્યુ. થી એપ્રિલ ૨૦૧૨ દરમ્યાન ૧૯૩ જેટલી પ્રથમ અપીલ અત્રેની કચેરીને મળેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન બીજી અપીલમાં નામદાર માહિતી આયોગ ધ્વારા ૧૯૨ બાબતો માટે પૂર્તતા અહેવાલ મંગાવવામાં આવેલ તેમજ જે પૂર્તતા અહેવાલ અત્રેની કક્ષાએથી નામદાર આયોગને મોકલવામાં આવેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન નામદાર આયોગ તરફથી લોક અદાલતનો નવતર પ્રયોગ હાથ ધરેલ. જેમાં અત્ર ેના સત્તા મંડળની ૭૩ ની બાબતોનું પત્રક આપવામાં આવેલ. તે અંગેના પણ પૂર્તતા અહેવાલ અને આ કાર્યક્રમની પૂર્વ તૈયારીના ભાગરૂપે વધવા પામેલ કાર્ય ભારણના લીધે પ્રસ્તુત અપીલ તથા તેની આસપાસના સમયગાળામાં આવેલ અપીલનો સમય અવધિમાં નિકાલ કરી શકાયેલ નથી.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૧૯–૦૧–૧૨ની અરજીથી માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી નિયત સમય અવધિ બાદ દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી પુરી પડાયેલ હોઈ, અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય, અપીલ અરજી દફતરે કરવામાં આવે છે."

તેમ છતાં અરજદાર ઈચ્છુક હોય તો જાહેર માહિતીનો આગોતરો સમય દિન–૭માં મેળવી કચેરી કામકાજ સમય દરમ્યાન લાગત દફતરની પુનઃ તપાસણી કાયદાની કલમ–૭(૩) સાથે નિયમ –૫ હેઠળ લાગુ કિસ્સામાં નિયત ફી ભરપાઈ કરવાની રીતે કરવા સ્વતંત્ર છે અરજદારની તેવી માંગણી થયે હુકમની અમલવારી કરવા ઝોનલચીફ અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનને જણાવવામાં આવે છે.

(પી.જે. ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને ત.એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૫–૧૨

(૧) પ્રતિ, ઝોનલચીફ અને ત.જાહેર માહિતી અધિકારી– સેન્ટ્રલઝોન .... જાણ તથા અમલ માટે
(૨) શ્રી કે.એ. ઘીવાલા,